માનનીય અધ્યક્ષશ્રી,

આદરણીય રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ પંદરમી વિધાનસભાના ચોથા સત્રમાં તારીખઃ- ૦૧-૦૨-૨૦૨૪ના રોજ આ સભાગૃહને સંબોધન કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી,

રાજ્યના અવિરત વિકાસની રૂપરેખા સાથે સરકારની અનેક સિધ્ધીઓના પ્રતિબીંબ દ્વારા આ સભાગૃહને તેઓએ આશ્વસ્ત કર્યું છે.

માનનીય રાજ્યપાલશ્રીના સંબોધન બદલ મારા આભાર પ્રસ્તાવને સભ્યશ્રી કેશાજી ઠાકોરે ટેકો આપ્યો છે તે બદલ તેમનો પણ આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી,

પાંચમી ફેબ્રુઆરીની એક અને છઠ્ઠી ફેબ્રુઆરીની પહેલી અને બીજી એમ કુલ મળીને ત્રણ બેઠકોમાં ગૃહના ૬૦ સભ્યોશ્રીઓ જેમાં પૂર્વ મંત્રીશ્રીઓ, સિનિયર સભ્યશ્રીઓ અને નવા સભ્યશ્રીઓએ પણ ખુબ જ અભ્યાસ કરીને ચર્ચામાં ભાગ લીધો છે. તેબદલ તેમનો પણ આભાર માનું છું. સાથે માન. મંત્રીશ્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા જી, માન. મંત્રીશ્રી હર્ષભાઇ સંઘવીજી અને માન. મંત્રીશ્રી બચુભાઇ ખાબડ જી આમ ત્રણેય માન. મંત્રીશ્રીઓએ એમની ચર્ચામાં વિસ્તૃત વિકાસની વાતો ગૃહ સમક્ષ મુકી છે. તેમનો પણ આ તબક્કે ખુબ આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી,

ગુજરાત દેશમાં મોડેલ રાજ્ય તરીકે સ્થાપિત થયેલું છે. તેની પાછળ રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી, વિશ્વ નેતા, હિન્દુસ્તાનના સર્વાધિક લોકપ્રિય વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે જ્ઞાતિ, જાતિ, પંથ, સંપ્રદાયને આધારે ચાલતી વોટ બેંકની રાજનિતી, તૃષ્ટીકરણની રાજનિતી દુર કરી સંતુષ્ટિકરણની રાજનિતીથી ઉપર ઉઠી યુવા, મહિલા, કિસાન અને ગરીબ વર્ગના છેવાડાના માનવીની પણ ચિંતા કરવાની તેમની સંવેદનશીલતા કારણભુત છે. આજે રાજ્ય સરકાર એ જ અભિગમથી આગળ વધી રહી છે અને કોઇપણ સમાજમાંથી આવતા દરેક વ્યક્તિના વિકાસ માટે ચિંતા કરી રહી છે અને રાજ્યને વધુમાં વધુ વિકસિત બનાવવા હંમેશા પ્રયત્નશીલ છે.

માનનીય અધ્યક્ષશ્રી,

માનનીય રાજ્યપાલશ્રીએ તેમના સંબોધનમાં રાજ્ય સરકારની સિધ્ધીઓ, વિકાસલક્ષી કાર્યો અને સાડા છ કરોડ કરતા વધુ ગુજરાતીઓ માટે સતત ચિંતા કરતી આ સરકારને બિરદાવી છે તે બદલ તેમનો ખુબ ખુબ આભાર વ્યક્ત કરૂં છું અને આ ગૃહને સંબોધન કરવા બદલ માનનીય રાજ્યપાલશ્રીના સંબોધન બદલના મારા પ્રસ્તાવને સર્વાનુમતે પસાર કરીને માનનીય રાજ્યપાલશ્રીને સંદેશો પહોંચાડવા આપશ્રીને ગૃહ વતી વિનંતી કરૂં છું.

જય જય ગરવી ગુજરાત,
ભારત માતા કી જય,
વંદે માતરમ્